<u>**ફોજદારી કેસ નં. ૬૨૪/૨૦૨૪**</u>

## –:: આંક: ૧ તળે હુકમ ::–

સદરહુ કામનું કેસ રેકર્ડ હાથ ઉપર લઈ વંચાણે લીધું. હાલના કામે આરોપી તુસીબ ઈબદુલભાઈ મોગલ, રહે.પ્રભાસપાટણ તા.જિ. ગીર સોમનાથ વાળા સામેનો ગુનો ધ્યાને લેવામાં આવે તો હાલના કામના આરોપી સામે તા.૦૬/૦૮/૨૦૨૪ નાં રોજ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટ રૂબરૂ પોલીસ એજન્સી દ્વારા કરવામાં આવેલ છે. આમ, આરોપી સામે સમન્સ ટ્રાયલ મુજબનો ગુન્હો દાખલ થયેલો છે. ત્યારબાદ ગુનાનું કોગ્નીઝન્સ લેતાં આરોપી સામે અવારનવાર સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ છે. તેમ છતાં લાંબો સમય વિત્યા બાદ પણ સમન્સ ટ્રાયલ પ્રકારના કેસની કાર્યવાહી આગળ વધારવા પોલીસ એજન્સી આરોપીને હાજર રખાવી શકેલ નથી, અલબત નિષ્ફળ રહેલ છે. તદઉપરાંત, આરોપીને હાજર નહી રખાવવા અંગે તપાસ કરનાર અમલદારશ્રી કે પ્રોસીકયુશન દ્વારા કોઈ જ સ્પષ્ટ, યોગ્ય કે વ્યાજબી કારણ અત્રેની કોર્ટ રૂબરૂ આપવામાં આવેલ નથી. આમ, આરોપીને લાંબો સમય ચાલ્યો ગયેલ હોવા છતાં પ્રોસીકયુશન પક્ષ હાજર રાખવામાં અસક્ષમ રહેલ છે. હાલના આરોપી નજીકના સમયમાં પણ મળી આવે તેવી કોઈ જ શકયતા હાલનાં સંજોગોમાં જણાઈ આવતી નથી. આમ, હાલનો કેસ ડેડવુડ સ્ટોક પ્રકારનો કેસ હોઈ અને અદાલતોમાં આ પ્રકારના કેસોનું બિનજરૂરી ભારણ વધતું જતું હોય; હાલનો કેસ હવે વધુ આગળ ચલાવવો યોગ્ય જણાઈ આવતો નથી, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

આ કામના આરોપી સામેની કાર્યવાહી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૮૧ મુજબ પડતી મુકી આરોપી ને બિનતહોમત છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

વધુમાં એવો પણ હુકમ કરવામાં આવે છે કે, હાલના કામના આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવ્યેથી પ્રોસીકયુશન પક્ષ ફરી નામદાર કોર્ટમાં ન્યાયીક કાર્યવાહી હાથ ધરી શકશે.

આ હુકમ આજ તા.૧૪મી, માહે માર્ચ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશિયલ સીટીંગમાં જાહેર કર્યો.

તા. : ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : માળીયા હાટીના

**( બી. વી. ગોહિલ )**
મુખ્ય જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
મુ. માળીયા હાટીના, જિ. જુનાગઢ
Judge Code : GJ-01456